# વલસાડ જિલ્લામાં ચાર દિવસ બાદ સૂર્યદેવનાં દર્શન થયાં

**બુધવારે** સવારે 6 વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ 5.9 ઈંચ વરસાદ, સૌથી વધુ કપરાડામાં 12.9 ઈંચ

વલસાડ: વલસાડમાં છેલ્લા ચાર દિવસથી સતત વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ભારે વરસાદના કારણે અનેક નદીઓ બંને કાંઠે વહેતી થઇ હતી. તેમજ જ્યાં જૂઓ ત્યાં પાણી જ પાણી જોવા મળ્યા હતા. જોકે, બુધવારે સવારે 8 વાગ્યાથી વલસાડ જિલ્લામાં વરસાદે વિરામ લીધો હતો. જેને લઇ જનજીવન થાળે પડ્યું હતુ. વરસાદી વિરામ સાથે થોડો તડકો પડતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

વલસાડમાં ગત સપ્તાહથી શરૂ થયેલા વરસાદે પહેલાં વલસાડ શહેરને ધમરોળ્યું હતું. ત્યારબાદ મંગળવારે વાપીને ધમરોળ્યું હતું. ત્યારબાદ પણ બે દિવસ વરસાદ યથાવત રહ્યો હતો. વલસાડ જિલ્લાના ઉપરવાસના ધરમપુર કપરાડા વિસ્તારમાં પણ ભારે વરસાદના કારણે મંગળવારે રાત્રે ઔરંગા નદીની સપાટી વધી હતી. જેને લઇ વલસાડમાં રેલની પરિસ્થિતિ સર્જાઇ હતી. જોકે, બુધવારે વરસાદે વિરામ લેતાં રેલનો ભય દૂરથયો હતો. જેને લઇ તંત્રે અને લોકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. સવારે 6 કલાકે પુરા થતાં 24 કલાક દરમિયાન જિલ્લામાં સરેરાશ 5.9 ઈંચ વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ 12.9 ઈંચ વરસાદ કપરાડા તાલુકામાં જ્યારે સૌથી ઓછો 2.5 ઈંચ વરસાદ વાપીમાં નોંધાયો હતો. તેમ છતાં બુધવાર સવારે 7 વાગ્યા સુધી જિલ્લામાં સર્વત્ર વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ત્યારબાદ વરસાદે વિરામ લીધો હતો.

## કપરાડા તાલુકામાં 12 ઈંચ વરસાદ

વલસાડ: 8 જુલાઈ સવારે 6 વાગ્યા સુધીમાં 24 કલાક દરમિયાન જિલ્લામાં સૌથી વધુ કપરાડા તાલુકામાં સૌથી વધુ 322 મી.મી. એટલે કે 12 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લાનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. ધરતીપુત્રો વાવણી અને ડાંગર રોપણીમાં જોતરાયા બીજી તરફ દમણગંગા નદીમાં અજાણી લાશ મળી આવી હતી. કપરાડા તાલુકાના ફતેપુરા ગામે શીલાગણ ફળિયામાં દમણગંગા નદીમાં તા.૮/૭/૨૬ ના 8 જુલાઈના રોજ સવારે 8 વાગે એક અજાણયો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે પીંડવળ ગામે ભારે વરસાદના મીરાબેન મહેશભાઇ દળવી નામની મહિલાનું કાચું મકાન તૂટી જતાં સંપુર્ણ નાશ પામ્યું હતું અને ઢોરોને પણ ઈજા થઈ હતી.

## મનને શાંત રાખીને જ ગમે તેવી મુશ્કેલીમાં અડીખમ રહી શકાય



■ વલસાડ ઘડોઈ ડેમનો આ નજારો સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ રહ્યો છે. પાણીના ભયાનક વેગ વચ્ચે પણ શાંત ચિત્તે બિરાજમાન શિવજીની આ પ્રતિમા આપણને શીખવે છે કે ગમે તેવા વાવાઝોડા કે મુશ્કેલીઓ વચ્ચે પણ મનની શાંતિ ગુમાવવી જોઈએ નહીં.

## ધરમપુર,પંથકમાં અતિ ભારે વરસાદથી અનેક રસ્તા બંધ

ધરમપુર: જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે કપરાડા તાલુકામાં સૌથી વધુ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. જેમાં બિલ્ધા-મોરદહાડ રોડ, ધરમપા-શેરીમાળ રોડ તથા સિદુમ્બર-ભટાડી ફળિયા તેમજ બામટી શીશપાડા મરઘમાળને જોડતો કોઝવે રોડ ઉપર વરસાદી પાણી ફરી વણતા વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો હતો જ્યારે શેરીમાલ કાગંવીને જોડતો કોઝવે પરથી પાણી ફરી વળતા વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરાયો હતો.

# વલસાડ તાલુકાની કેટલીક સરકારી પ્રાથમિક શાળાઓ ચાલુ રહેતા વિવાદ

**કલેક્ટરના** આદેશ બાદ શિક્ષણ અધિકારીએ તમામ શાળાઓ બંધ રાખવાનો આદેશ કર્યો હતો

**ડુંગરી** સ્ટેશન પૂર્વ વિભાગ શાળા પણ ચાલુ રહી હતી, ડી. ડી.ઓ. એ તપાસના આદેશ આપ્યા

વલસાડ: વલસાડ જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી હોય જિલ્લા કલેક્ટરના આદેશ બાદ શિક્ષણ વિભાગે 8 જુલાઈએ શાળા કોલેજો બંધ રાખવાનો આદેશ કર્યો હતો. જોકે આશ્ચર્યજનક રીતે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત વલસાડ તાલુકાના ડુંગરી સ્થિત પૂર્વ વિભાગ ડુંગરી સ્ટેશન શાળા ચાલુ રહેતા વિવાદ સર્જાયો છે. ડુંગરી વિસ્તારની અન્ય કેટલીક શાળાઓ પણ ચાલુ રહી હોવાનું ચર્ચામાં છે. સૂત્રોના જણાવ્યા મુજબ જિલ્લા કલેક્ટરના આદેશ બાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ તમામ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, આઈટીઆઈ 8 જુલાઈએ બંધ રાખવાનો આદેશ કરતો પત્ર સંબંધિત વિભાગ અને આચાર્યોને પાઠવ્યો હતો. જોકે વલસાડ તાલુકાના ડુંગરી સ્થિત પૂર્વ શાળા ચાલુ રહેતા વિવાદ સર્જાયો છે. ત્યારે પ્રશ્ન એ થાય છેકે કલેક્ટરની સૂચના હતી તો પછી અન્ય કોઈ અધિકારી આચાર્યોને સૂચના કઈ રીતે આપી શકે તે પ્રશ્ન મહત્વનો બન્યો છે.

આ મુદ્દે વલસાડ તાલુકા ટી.પી.ઓ. નીરવભાઈ સોલંકીએ જણાવ્યું કે, ડી.પી.ઓ.ની સૂચના હતી કે જયાં પાણી કે વરસાદ ન હોય ત્યાં ગ્રામજનો, વાલી, શિક્ષક અને એસ.એમ.સી.કમિટી સાથે સંકલન કરી બાળકોને શાળામાં બોલાવે અને શાળામાં આવ્યા બાદ જો વરસાદ હોય તો બાળકોને ઘર સુધી મુકવાની વ્યવસ્થા કરવાનું જણાવવામાં આવ્યું હતું.

### ગ્રામજનો, એસ.એમ.સી. અને વાલીઓ સાથે સંકલન બાદ બાળકોને બોલાવ્યા હતા

શાળાના આચાર્ય ભરતભાઈ ખાનપરાએ ગુજરાતમિત્રને જણાવ્યું કે, તાલુકા શિક્ષણ વિભાગના ટી.પી.ઇ.ની સૂચના હતી કે જો વરસાદ ન હોય તો શાળા નજીકમાં રહેતા બાળકોને બોલાવવા અને બોલાવ્યા બાદ વરસાદ હોય તો તેમને ઘર સુધી મૂકી આવવાની વ્યવસ્થા કરવી. જોકે આ મુદ્દે ગ્રામજનો, એસ.એમ.સી. અને વાલીઓ સાથે સંકલન બાદ બાળકોને બોલાવ્યા હતા.

### મિસ કોમ્યુનિકેશન થયું હોય જેના કારણે સ્કૂલ શરૂ કરી હોઇ શકે: ડીડીઓ

વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોતએ જણાવ્યું કે, આજે સવારે વરસાદ ન હતો એટલે અથવા કોઇ મિસ કોમ્યુનિકેશન થયું હોય જેના કારણે સ્કૂલ શરૂ કરી હોય શકે. જે અંગે તપાસ કરાશે અને જવાબદારી નક્કી કરાશે તેમજ જરૂર હોય તો પગલાં ભરવામાં આવશે.

# ધરમપુરની ઉખડિયા ખાડીમાં તણાયેલો સ્કૂલ વાન ચાલક હજુ પણ લાપતા

**બચાવ** ટીમની સતત શોધખોળ, વિદ્યાર્થિનીને પીઠ પર બેસાડી પાણીમાંથી પસાર થતાં તણાયો હતો



આસીફ શેખ

ધરમપુર: ધરમપુર તાલુકાના ટાંકી આશ્રમ નજીક આવેલી ઉખડિયા ખાડીમાં ભારે વરસાદ દરમિયાન તણાયેલા સ્કૂલ વાનચાલક અજયભાઈ ઉર્ફે સંદીપભાઈ ધીરૂભાઈ ગાંવિત (ઉં.વ.42)ની 24 કલાકથી વધુ સમય વિતી ગયો હોવા છતાં હજુ સુધી કોઇ ભાળ મળી નથી. સતત ચાલી રહેલી શોધખોળ છતાં બચાવ ટીમોને સફળતા મળી નથી.

માહિતી મુજબ, ભારે વરસાદને કારણે રસ્તા ઉપર પાણી ફરી વળતાં માર્ગનો અંદાજ ન આવતા અજયભાઈ વિદ્યાર્થીને લેવા ગયા હતાં. પરત ફરતી વખતે તેઓ 11 વર્ષની વિદ્યાર્થિનીને પીઠ પર બેસાડી પાણીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બંને અચાનક ઉખડિયા ખાડીમાં તણાઈ ગયા હતાં. સ્થાનિક લોકોની સતર્કતાથી વિદ્યાર્થિનીનો આબાદ બચાવ કરવામાં આવ્યો હતો, જ્યારે અજયભાઈ વહેતા પાણીમાં તણાઈ ગયા હતાં. હાલ ધરમપુર પાલિકાની ફાયર બ્રિગેડ, એનડીઆરએફ (NDRF) સહિત 40થી વધુ જવાનો દ્વારા ખાડી અને આસપાસના વિસ્તારમાં સઘન શોધખોળ ચાલી રહી છે. ભારે પાણીના પ્રવાહને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટી તંત્ર સમગ્ર કામગીરી પર સતત નજર રાખી રહ્યું છે.

# દમણના PWDના પંપ ઓપરેટરની પાણીમાં ડૂબેલી લાશ મળી



દમણ: સંઘપ્રદેશ દમણના મોટી દમણી વિસ્તારમાં રહેતા 50 વર્ષીય રમેશભાઈ કાનજીભાઈ હળપતિ ઉર્ફે કારિયા ઘરેથી ગુમ થયા બાદ બુધવારે તેમનો મૃતદેહ મોટી દમણના ઢોલર સર્કિટ હાઉસ પાછળ આવેલા ખેતર જેવા વિસ્તારમાં પાણી ભરાયેલા ખાડામાંથી મળી આવ્યો છે. મૃતક રમેશભાઈ પી.ડબ્લ્યુ.ડી. વિભાગની ઢોલર પાણીની ટાંકીના પંપ ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. પરિવાર દ્વારા બુધવારે સવારે મોટી દમણ કોસ્ટલ પોલીસમથકે તેમના ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. દરમિયાનન ફરિયાદ નોંધાયાના થોડા જ સમયમાં પોલીસને ઢોલર સર્કિટ હાઉસ પાછળ પાણી ભરાયેલા વિસ્તારમાં એક લાશ પડેલી હોવાની જાણ થવા પામી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવેલી માહિતી મુજબ, છેલ્લા બે દિવસથી ઉપરવાસમાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે ઢોલર સર્કિટ હાઉસ પાછળના ખેતરો અને મેદાન જેવા નીચાણવાળા વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. પોલીસનું પ્રાથમિક અનુમાન છે કે, પાણીમાં ડૂબી જતાં રમેશભાઈનું મોત નીપજ્યું હોઈ શકે છે.

# ક્રિપ્ટો કોઈનમાં રોકાણના નામે કંપનીમાં રોકાણ કરાવી 3.40 કરોડ પડાવ્યા

**વાપીમાં** રહેતા મૂળ બિહારના સચિન શાહ તેમજ અન્યોને કોઈનમાં રોકાણ કરશો તો મોટો ફાયદો થશે તેવી લાલચ અપાઈ હતી

વાપી: એજન્ટોએ દુબઈની બોટબ્રો કંપનીમાં રોકાણ કરવાથી મોટો લાભ થવાની લાલચ આપી વાપીના 4 અને દમણના 1 મળી પાંચ લોકોએ નફાની લાલચમાં અન્ય મિત્રો, સંબંધીઓને મળીને 3.40 કરોડનું રોકાણ કરાવ્યું હતું. જો કે સમય થતાં રકમ નહીં ઉપડતા કંપની તેમજ તેના એજન્ટો દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાનું જણાતા વાપી ઉદ્યોગનગર પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ બિહાર અને હાલ વાપી નજીકના છીરી રણછોડનગર, અવધ રેસિડેન્સીમાં સચીન બૈચન શાહ (ઉં.37) રહે છે. ગત વર્ષ 2023માં તેઓના મિત્ર સાથે વાપીમાં યોજાયેલા એક સેમિનારમાં ગયા હતા. ત્યાં હાજર અંજલી યાદવ (રહે. ચણોદ, વાપી), કલીમ શેખ, વિકાસ બારીક, અરવિંદ દુબે (તમામ રહે. મુંબઈ) અને મિલન દિનેશ માહલા (રહે. ધરમપુર)એ બ્રોટબો કંપની વિશે માહિતી આપી હતી અને આ કંપની રોકાણકારોના નાણાંથી અલગ-અલગ દેશના કરન્સીનું ફોકેસ ટ્રેડિંગમાં ઈન્વેટસ્ટમેન્ટ કરે છે અને જે રોકાણકાર જેટલા રૂપિયા ઈન્વેસ્ટ કરે તે રકમના દર મહિને 5 થી 6 ટકા પ્રોફિટ મળે. ત્યારબાદ તેઓ વાપી જીઆઈડીસી ગુંજન સ્થિત જનતા ફૂટવેરની ઉપર અંજલી યાદવની ઓફિસે ગયા હતા. અંજલી યાદવે તેઓએ બોટબ્રો કંપની વિશે સમજ આપી હતી અને તેઓને ઓનલાઈન ઉપર એક કોઈન બતાવ્યો હતો. જેની ઈન્ડિયન કિંમત 11 હજાર છે. જે વર્ષ 2027 માં રૂ.1 લાખ થઈ શકે છે. પૈસાનું રોકાણ કરો તમને એક લાખ ઉપર 100 કોઈન ફ્રી મળશે તેવો વિશ્વાસ આપતા કુલ રૂ.32 લાખ જમા કરાવ્યા હતા અને તેઓએ અન્ય રોકાણકારોના નાણાં મળીને કુલ રૂ.1,96,91,600 અંજલિ યાદવ અને મિલન માહલાને આપેલા હતાં. તમામ રોકાણકારોના એકાઉન્ટમાં ઓનલાઈન પ્રોફિટ બતાવતા હતાં.

જોકે, વર્ષ 2025માં રૂપિયા વિથડ્રો કરવા માટે ઓટીપી આવતા ન હોવાથી તપાસ કરી તો જાણવા મળ્યું કે બોટબ્રો કંપની વિરુદ્ધ સુરત, મુંબઈ, ઉત્તરપ્રદેશ, પંજાબ વગેરે રાજ્યોમાં પોલીસ ફરિદ થઈ છે અને કંપનીના એમડી લવીશ ચૌધરી ઉર્ફે નવાબઅલી (રહે. દુબઈ) એ બોટબ્રો કંપનીનું નામ બદલી બીજા અન્ય નામોથી ચાલુ કરી દીધું હોવાનું અને હાલ Botalpha.me નામે ચાલુ હોવાની વિગતો બહાર આવી હતી. જ્યારે અંજલિ, માહલા સાથે વાતચીત કરવામાં આવી ત્યારે લવીશ ચૌધરી થકી ક્રોસ માર્કેટ-એ.આઈ નામે ચાલુ થશે. જેમાં મોટા ફાયદાઓ છે તેમ કહી ફરી લલચાવી રૂપિયા 3,40,68,599નું રોકાણ કરાવડાવ્યું હતું. બાદમાં તેઓને છેતરાયાનું ભાન થતાં તમામ સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં સચીન શાહે ફરિયાદ નોંધાવી હતી.

### કોની સામે ગુનો નોંધાયો

(1) અંજલિ રાહુલ યાદવ (રહે. આશાપુરા રો હાઉસ, ચણોદ ગામ, વાપી) (2) કલીમ શેખ (3) વિકાસ બારકી (4) અરવિંદ દુબે (તમામ રહે. મુંબઈ) (5) મિલન દિનેશ માહલા (રહે. બીલપુડી ગામ, ધરમપુર) (6) લવીશ ચૌધરી ઉર્ફે નવાબઅલી (રહે. દુબઈ)

# ઉમરગામના કલગામ દરિયા કાંઠેથી અજાણી બાળકીની લાશ મળી

ઉમરગામ: ઉમરગામના કલગામ દરિયાકિનારેથી ડિકમ્પોઝ હાલતમાં એક અજાણી બાળકીની લાશ મળતા ચકચાર મચી જવા પામી છેપ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના કલગામ છાબરી ફળિયા દરિયાકિનારેથી સવારે ડિકમ્પોઝ હાલતમાં એક અજાણી બાળકીની લાશ મળતા નારગોલ મરીન પોલીસને જાણ થતાં જ પોલીસ અધિકારી અને સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.

દરિયાના પાણીમાંથી તણાઈને આવેલી મૃતક બાળકીની ઉંમર આશરે 8થી 10 વર્ષની છે. મૃતક બાળકીની કોઇ ઓળખ થઈ નથી. પોલીસે વાલીવારસોની શોધખોળ હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે.

# મધુબન ડેમમાં પાણી છોડાતા દમણના દરિયાકિનારે પ્લાસ્ટિક-કચરાનો ઢગલો



દમણ: સંઘપ્રદેશ દમણમાં છેલ્લા એક સપ્તાહથી વરસી રહેલા દેમાર વરસાદ અને મધુબન ડેમમાંથી સતત છોડાઈ રહેલા પાણીની અસર હવે દમણના દરિયાકિનારે જોવા મળી રહી છે. આજે પણ મધુબન ડેમના આઠ દરવાજા ખોલી અંદાજે દોઢ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવતા દમણગંગા નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી. નદીના પ્રચંડ પ્રવાહ સાથે તણાઈ આવેલો જળકુંભી, ઝાડની ડાળીઓ, લાકડાં, પ્લાસ્ટિક સહિતનો કચરો દરિયામાં પહોંચ્યા બાદ મોજાં સાથે ફરી કિનારે ઠલવાતા દરિયાકિનારે મોટા પ્રમાણમાં કચરાની લાંબી ચાદર પથરાયેલી જોવા મળી હતી. ત્યારે આગામી દિવસોમાં સંબંધિત તંત્ર દ્વારા દરિયાકિનારાની યુદ્ધના ધોરણે સફાઈ હાથ ધરવામાં આવે તેવી જરૂરી બન્યું છે.

# નાનાપોંઢા APMCમાં પ્લાસ્ટિક-કચરા ઉપર પ્રતિબંધ

વલસાડ: નાનાપોંઢા સ્થિત એ.પી. એમ.સી. માર્કેટમાં પ્રમુખ મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક નાબૂદી અભિયાન અંતર્ગત સ્થાનિક વેપારીઓ સાથે મહત્ત્વની બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં પ્રમુખ મુકેશ પટેલે પ્લાસ્ટિક સાથે કચરા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકયો હતો. વેપારીઓએ ટ્રેકટરમાં કચરાનો જથ્થો ખાલી કરી પ્લાસ્ટિકની થેલી પરત લઈ લેવાની રહેશે. જેનો કડક અમલ કરાશે. એ.પી.એમ.સી. માર્કેટ વેપારી મંડળ પ્રમુખ શૈલેષ પટેલે પત્રકારોને જણાવ્યું કે નિયમના ભંગ કરતાં વેપારીની 5 દિવસ સુધી દુકાન બંધ રખાશે. સ્વચ્છતા મુદ્દે નાનાપોંઢા પંચાયતમાં પણ બેઠકનું આયોજન કરાયું હતું.

બેઠકમાં માજી તા. પં. પ્રમુખ રમેશભાઈ ગાંવિત, તલાટી કમ મંત્રી, વેપારી આગેવાન અનિલભાઈ, વેપારી મંડળ ભાયલભાઈ, સરપંચ દિલીપભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# મધુબન ડેમ: જળ સપાટી વધતા 1.25 લાખ ક્યુસેક પાણી છોડાયું

**મંગળવાર** સાંજે પાંચ વાગ્યાથી જ ડેમના કેચમેન્ટ એરિયામાં વરસાદનું જોર વધ્યું હતું



### બુધવારે ક્યારે ક્યારે ડેમમાંથી વધુ પાણી છોડાયું

| કલાક | આઉટ ફ્લો | ઇન ફ્લો(ક્યુસેકમાં) | જળસપાટી |
|---|---|---|---|
| સવારે 6 | 92,420 | 1,13,345 | 73.10 મીટર |
| સવારે 9 | 1,25,829 | 1,70572 | 73.50 મીટર |
| સવારે 10 | 1,24,764 | 1,30,331 | 73.50 મીટર |
| બપોરે 2 | 1,18,154 | 75,743 | 73.00 મીટર |

વાપી: વલસાડ જિલ્લાના મધુબન ડેમના કેચમેન્ટ એરિયામાં ભારે વરસાદને જોતા ડેમ ઓથોરીટીએ રાત્રે આઠ દરવાજા ચાર મીટર સુધી ખોલીને ડેમની જળ સપાટીને 72 મીટર રૂલ લેવલ સુધી જાળવવા પ્રયાસ કર્યો હતો. બુધવારે સવારે ૯ વાગ્યે ડેમની જળ સપાટી ૭૩.૫૦ને આંબી ગઈ હતી. આ સમયે ડેમમાં પાણીનો ઈન ફ્લો ૧,૭૦,૫૭૨ ક્યુસેક હતો. આ સમયે જ ડેમના આઠ દરવાજા ચાર મીટર સુધી ખોલીને ડેમમાંથી ૧,૨૫,૮૨૯ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આમ વરસાદની આ મોસમમાં પહેલી વખત ડેમમાં પાણીની આવક વધતા ડેમના રૂલ લેવલને જાળવી રાખવા માટે વધુ પાણી છોડવામાં આવ્યું હતું.

ગત રાત્રે જ ડેમ ઓથોરીટીએ વલસાડ જિલ્લા કલેકટર, દાદરા નગર હવેલી તેમજ દમણના જિલ્લા કલેકટર સહિતની ઓથોરીટીને આ અંગે એલર્ટ કર્યા હતા. રાત્રે એક વાગ્યા પછી ધીમે ધીમે ડેમમાંથી પાણી છોડવાનું શરૂ કર્યુ હતું. રાત્રે ઈન ફ્લો ૯૧,૪૬૪ સામે આઉટ ફ્લો ૮૧,૦૩૧ જોવા મળ્યો હતો. ત્યારે ડેમની જળ સપાટી ૭૨.૯૫ મીટર હતી. ત્યાર બાદ બુધવારે સવારે ૬ કલાકે ડેમની જળ સપાટી ૭૩.૧૦ થતા ૯૨,૪૨૦ ક્યુસેક પાણી ડેમમાંથી છોડવાનું શરૂ કરાયું હતું. ડેમની જળ સપાટીને નિયંત્રીત રાખવા માટે ડેમ ઓથોરીટીએ બપોરે બે વાગ્યા સુધી ૧,૧૦,૪૧૫ ક્યુસેક પાણી સુધી આઠ દરવાજા ખોલીને પાણી છોડયું હતું. ત્યાર બાદ પણ સાંજે સાત વાગ્યે ૯૬,૧૧૭ ક્યુસેક પાણી ડેમમાંથી છોડવામાં આવી રહયું છે. સાંજે સાત વાગ્યે ડેમની જળ સપાટી ૭૩.૦૮ મીટર જોવા મળી હતી. મધુબન ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે વાપી , દમણ તેમજ દાદરા નગર હવેલીના નદીના કાંઠાના ગામોને એલર્ટ કરવામાં આવે છે. દમણ ગંગા નદીની પાણી વહનની કેપેસિટી 2,50,000 ક્યુસેક પાણીની છે.



ગિરીશ ભોયે

# સિંગાણા તરફ જતી જીપ ખીણમાં ખાબકી, 3 ગંભીર, 12ને સામાન્ય ઈજા

સાપુતારા: ડાંગ જિલ્લાનાં સુબીર-નવાપુર રાજ્ય ધોરીમાર્ગ પર મોખામાળ ફાટક નજીક બુધવારે બપોરે સુબીર ખાતે ભરાતા સાપ્તાહિક હાટ બજારમાંથી મુસાફરોને લઈ સિંગાણા તરફ જતી બોલેરો જીપની બ્રેક ફેઈલ થતાં વાહન માર્ગની બાજુમાં આવેલી ખીણમાં ખાબક્યું હતું. આ અકસ્માતમાં ત્રણ મુસાફરને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે અન્ય 12 મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સુબીર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ત્રણ મુસાફરોને વધુ સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. આ અકસ્માતને પગલે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, જ્યારે સ્થાનિક લોકો પણ બચાવ કામગીરીમાં જોડાયા હતા. આ અકસ્માતની જાણ ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ રાજેશભાઈ ગામીતને થતા તેઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. સાથે જ હોસ્પિટલમાં જઈ તમામ ઈજાગ્રસ્તોની મુલાકાત લઈ તેઓને સાંત્વના પાઠવી હતી.


### શેર સર્ટીફિકેટ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

જીલ્લો નવસારીના તાલુકો નવસારી શહેરના મોજે નવસારી શહેરના સાંઢકુવાગેટ સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ સીટી સર્વે ટીકા નંબર-૪૯ ના સીટી સર્વે નં- ૧૯૭૮/૨ થી નોંધાયેલી જમીન ઉપર આવેલ રચના એપાર્ટમેન્ટ નં-૨ કો.ઓ.હા.સો.લિ. ના બહુમાળી મકાનમાં ભોંયતળિયે આવેલ દુકાન નં- ૪ તથા બેઝમેન્ટ ગોડાઉન નં-૪ વાળી સ્થાવર મિલક્ત સોસાયટીમાં સભાસદ હકક રૂએ શ્રીમતી પુષ્પાબેન નરેશચંદ્ર શાહ નાં નામે ચાલી આવેલ જેના શેર નંગ-૫ શેર નં- ૪૧ થી ૪૫, જે મુળ શેર સર્ટીફીકેટ મારાથી ગુમ થયેલ હોવાનું જણાવી રચના એપાર્ટમેન્ટ નં-૨ કો.ઓ.હા.સો.લિ. ના પ્રમુખ/મંત્રી પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ કાઢી આપવા માટે અરજ કરેલ હોય જે અંગે કોઇપણનો વાંધો હોય તો દિન-૭ માં લેખિતમાં જાણ કરવી, જો કોઈપણનો વાંધો ન જણાય તો ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : નવસારી
તારીખ : ૦૮/૦૭/૨૦૨૬

રચના એપાર્ટમેન્ટ નં-૨ કો.ઓ.હા.સો.લિ.
પ્રમુખ/મંત્રી

### હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામું: દુકાન નં. 3, બીજા માળે, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. ૧૧૫/૧, પૈકી પ્લોટ નં. - ૧, નવસારી, ગુજરાત, પીન - ૩૯૬૪૪૫.
રજિસ્ટર્ડ ઓફિસ: ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭.
ફોન: 011 49267000, ટોલ ફ્રી નં: 1800 212 8800, ઇમેઇલ: customercare@herohfl.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148

#### કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વંચાણમાં લેતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યારે, નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે, 'ધ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨' હેઠળ અને કલમ ૧૩(૧૨) સાથે વંચાણમાં લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે દર્શાવ્યા મુજબ માંગણી નોટિસ જાહેર કરી હતી, જેમાં દેવાદારો/ધિરાણધારકોને ઉક્ત નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવી દેવા માટે જણાવવામાં આવ્યું હતું. ધિરાણધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી ખાસ કરીને ધિરાણધારકને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોસ્વાક્ષરકર્તાએ ઉક્ત એક્ટની કલમ ૧૩(૪) સાથે વંચાણમાં લેતા ઉક્ત નિયમોના નિયમ ૮ હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલી મિલકતનો ભૌતિક કબજો મેળવ્યો છે. ખાસ કરીને ધિરાણધારકને અને સામાન્ય રીતે જનતાને આથી આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને આ મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે, જેમાં નીચે જણાવેલી રકમ તેમજ તેના પરનું વ્યાજ, દંડનીય વ્યાજ, ચાર્જીસ અને ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.
સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં ધિરાણધારકનું ધ્યાન આ કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| લોન ખાતા નં. | જવાબદાર વ્યક્તિ(ઓ) / કાયદેસરના વારસદારો / કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ના નામ | માંગણી નોટિસની તારીખ / માંગણી નોટિસ મુજબની રકમ | કબજાની તારીખ (પ્રત્યક્ષ/ભૌતિક) |
|---|---|---|---|
| HHFNVSHOU23000037251, HHFNVSIPL23000037252 | સંજય શ્રીરામ સોનવણે, કવિતા સંજય સોનવણે | 16-જાન્યુ-2026 રૂ. ૧૧,૨૮,૬૭૦/- (૧૩- જાન્યુઆરી-૨૦૨૬ સુધી બાકી લહેણી રકમ) | 05-07-2026 (ભૌતિક) |

સિક્યોર્ડ એસેટ્સ/સ્થાવર મિલકતોનું વર્ણન: સ્થાવર મિલકતના તમામ ભાગ અને પાર્સલ એટલે કે ફ્લેટ નં. C/303, મ્યુનિસિપલ હાઉસ નં. 1217/70 (નવો 5740/0), વોર્ડ નં. ૫ (નવો ૧૦), જે આશરે ૬૫૩.૦૦ ચોરસ ફૂટ એટલે કે ૬૦.૬૮ ચોરસ મીટર સુપર બિલ્ટ-અપ એરિયા ધરાવે છે, આશરે 16. 23 ચો. મીટર, જે ત્રીજા માળે, વિંગ નં. C માં આવેલો છે. આ સ્કીમ "શિવાલય કોમ્પ્લેક્સ" તરીકે ઓળખાય છે, વિજલપોર રેલ્વે ક્રોસિંગની સામે, વિજલપોર રોડ, સન સિટી એપાર્ટમેન્ટની પાછળ, જે રેવન્યુ સર્વે નં. ૨૫૭/૩-A/૧-A/પૈકી ૧, નવો બ્લોક નં. ૧૧૧૯૮, મોજે વિજલપોર, તાલુકા વિજલપોર, જીલ્લો નવસારીના જમીનના ભાગરૂપ છે, જે નવસારીના રજીસ્ટ્રેશન જીલ્લા અને સબ-રજીસ્ટ્રેશનમાં આવેલ છે. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખ્યા મુજબની સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની ચતુર્દિશા (સીમાઓ): ઉત્તરે: બાજુમાં માર્જિન ખુલ્લી જમીન દક્ષિણે: બાજુમાં ફ્લેટ નં. C/304 પૂર્વે: બાજુમાં માર્જિન ખુલ્લી જમીન પશ્ચિમે: બાજુમાં ફ્લેટ નં. C/302

તારીખ: 09-07-2026
સ્થળ: નવસારી

સહી/- અધિકૃત અધિકારી
હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી

### HDFC BANK

We understand your world

રજીસ્ટર્ડ એફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅરપરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ અને
જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ ખાતે છે.

#### એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના

**એચડીએફસી બેંક લિમિટેડ** (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિક્યોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફ્ટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન ખાતા અપરાધની સ્થિતિમાં છે. બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને **૭ દિવસ**નો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિકયોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૧૬ મી જૂન ૨૦૨૬** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિક્યોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઆને ભારતીય કરાર અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૭૬ ના પાલનમાં આને વેચાણની સૂચના તરીકે ગણવા માટે સૂચિત કરવામાં આવે છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિકયોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિકયોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લેનાર જવાબદાર રહેશે.

| અ. નં. | લોન ખાતા નંબર | દેવાદારો ના નામ | ૬ જુલાઈ ૨૦૨૬ ના રોજની બાકી રકમ | વેચાણ નોટીસની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | XXXXXXXXXX2390 | રામ કુમાર ડાગા | ૨૭૨૪.૦૩ | ૦૭-૦૭-૨૦૨૬ |
| ૨ | XXXXXXXXXX2805 | વંદના પટવારી | ૧૬૫૯.૦૦ | ૦૭-૦૭-૨૦૨૬ |

તા. : ૦૯.૦૭.૨૦૨૬
સ્થળ : દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

સહી/-
એચડીએફસી બેંક લિ.